# સ્પોટ ફિક્સીંગ કરવા દાઉદના શખ્સો ધમકીઓ આપતા હતા

## યુવા ખેલાડીઓને સ્પોટ ફિક્સીંગમાં સામેલ થવા ફરજ પડાઈ : આઈપીએલમાં સ્પોટ ફિક્સીંગમાં તપાસ કરી રહેલી પોલીસ ટીમનો ઘટસ્ફોટ ખેલાડીઓ અને બુકીઓની સાથે ખૂબ ખરાબ ભાષામાં વાત પણ કરાતી હતી

નવી દિલ્હી,તા. ૧૯

આઈપીએલમાં સ્પોટ ફિક્સીંગના મામલામાં તપાસ કરી રહેલી દિલ્હી પોલીસનું કહેવું છે કે ડી કંપનીના શખસો યુવા ખેલાડીઓને ફિક્સીંગ કરવા માટે ધાક ધમકી આપતા હતા. તેમને ભયભીત પણ કરતા હતા. ગઈકાલે પોલીસે કહ્યું હતું કે ડી કંપનીનો રિપોર્ટ યુવા ખેલાડીઓને સ્પોટ ફિક્સીંગમાં સામેલ થવા માટે ફરજ પાડી રહ્યા હતા. સાથે સાથે એવી ધમકી પણ આપી રહ્યા હતા કે જો સ્પોટ ફિક્સીંગમાં સામેલ થશે નહીં તો ખતરનાક પરિણામો આવશે. યુવા ખેલાડીઓને ટાર્ગેટ બનાવીને તેમને દાઉદના નામે ધમકી પણ આપવામાં આવી હતી. પોલીસે ખેલાડીઓના નામ જાહેર કરવાથી ઈન્કાર કરી દીધો છે પરંતુ કહ્યું છે કે ગેંગસ્ટરો કેટલાક ખેલાડીઓને આ કૌભાંડમાં સામેલ કરવા માટે ખૂબ જ ઉત્સુક દેખાઈ રહ્યા હતા. દિલ્હી પોલીસના એક સુત્રએ કહ્યું છે કે જ્યારે કોઈ ખેલાડી પૈસા લેવાથી ઈન્કાર કરતા હતા ત્યારે તેમને ધાક ધમકી આપવામાં આવતી હતી. દાઉદ અને ટાર્ગેટ મેમનના નામ સાંભળીને તમામ લોકો ભયભીત થઈ જતા હતા. ડી કંપનીના આ શખસો ખેલાડીઓ સાથે ખરાબ ભાષામાં વાત કરતા હતા. એવું પણ જાણવા મળ્યું છે કે અજીત ચંડીલાએ ફિક્સ કરવામાં આવેલી ઓવરને અંજામ આપતા પહેલા સિંગ્નલ ન આપતા અંડરવર્લ્ડે નારાજગી વ્યક્ત કરી હતી. બુકી સાથે વાતચીત દરમિયાન એક ગેંગસ્ટરે ચંડીલાને લઈને અશ્લીલ ભાષામાં વાત કરી હતી. ઈન્ટરશેપ્ટ કરવામાં આવેલી વાતચીતમાં ડી કંપનીનો એક શખસ બુકીને કહી રહ્યો હતો કે ચંડીલાને પ્લાન મુજબ આગળ વધવું જોઈએ. જો આવું નહીં કરે તો તેને ખતરનાક પરિણામો ભોગવવા પડશે. પોલીસે કહ્યું છે કે ચંડીલાએ અનેક વખત બુકી પાસેથી પૈસા લીધા હતા અને તે તેના ઘરે પણ અવર જવર કરતા હતા. પૂછપરછ દરમિયાન સટોડીયાઓએ એમ પણ કહ્યું છે કે તેઓ અનેક વખત ખેલાડીઓની સાથે ફલાઈટમાં મુસાફરી પણ કરી છે અને એક જ હોટલમાં રોકાયા પણ છે. પોલીસની પાસે કેટલાક હોટેલોના ફોટાઓ પણ છે જેમાં શ્રીસંત, અંકીત ચૌહાણ અને ચંડીલા કેટલાક બુકીઓ સાથે નજરે પડી રહ્યા છે. સૂત્રોનું કહેવું છે કે અમારી પાસે ખેલાડીઓના બુકીઓથી મળવા અને મની ડિલીવરીના વિડીયો ફૂટેજ પણ છે જે મજબૂત પુરાવા તરીકે છે.

# ક્રિકેટમાં ફિક્સિંગ ચલાવી લેવાશે નહીં : બોર્ડ

## બુકી ઉપર અંકુશ ન મુકી શકાય ખેલાડીઓ ઉપર નજર રાખી શકાય : શ્રીસંત અને અન્ય બે ખેલાડી હાલમાં સ્પોટ ફિક્સિંગમાં ઝડપાઈ ગયા બાદ હચમચી ઉઠેલા ક્રિકેટ બોર્ડની તાકીદની કારોબારી મિટીંગ : દૂષણો પર ચર્ચા

ચેન્નઈ,તા. ૧૯

સ્પોટ ફિક્સિંગના કારણે હચમચી ઉઠેલા ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડની આજે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં તમામ પાસાઓ ઉપર ચર્ચા કરવામાં આવી હતી. ભારતીય ક્રિકેટમાં સ્પોટ ફિક્સિંગ અને મેચ ફિક્સિંગના દૂષણને રોકવાના તમામ પાસાઓ ઉપર ચર્ચા થઈ હતી. બીસીસીઆઈએ આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, સ્પોટ ફિક્સિંગને કોઈપણ કિંમતે ચલાવી લેવામાં આવશે નહીં. આને રોકવા માટે ક્રિકેટ બોર્ડ કટિબદ્ધ છે. જો કે, બીસીસીઆઈએ કબુલાત કરી હતી કે, ફિક્સિંગ ઉપર અંકુશ મૂકી શકાય નહીં. બુકીઓની પ્રવૃત્તિ ઉપર અંકુશ મુકવાની બાબત ખૂબ મુશ્કેલરૂપ છે. સ્પોટ ફિક્સિંગ મામલામાં રાજસ્થાન રોયલ્સના શ્રીસંત સહિતના ત્રણ ખેલાડીઓ સંકજામાં આવી ગયા બાદ હચમચી ઉઠેલા બીસીસીઆઈએ આજે કહ્યું હતું કે, સમગ્ર મામલામાં તપાસ ચાલી રહી છે. જો ખેલાડી દોષિત આવશે તો કઠોર કાર્યવાહી કરવામાં આવશે. બીસીસીઆઈના વડા શ્રીનિવાસને કહ્યું હતું કે, ક્રિકેટમાં ફિક્સિંગને ચલાવી લેવામાં આવશે નહીં. બીસીસીઆઈએ કહ્યું છે કે, ઝડપાયેલી ત્રિપૂટીને કઠોર સજા કરતા પહેલા નિયમોને સંપૂર્ણપણે પાડવામાં આવશે. આઈપીએલમાં ભ્રષ્ટાચારને રોકવા માટે તમામ સંબંધિત પગલા લેવામાં આવશે. બોર્ડની કારોબારી કમિટીની બેઠક બાદ ભરચક પત્રકાર પરિષદને સંબોધતા બીસીસીઆઈના પ્રમુખે વચન આપ્યું હતું કે, દોષિત ખેલાડીઓ સામે સૌથી કઠોર પગલા લેવામાં આવશે. ઈન્કવાયરી કમિશનર તરીકે બીસીસીઆઈ દ્વારા તેના ભ્રષ્ટાચાર વિરોધી એકમના વડા રવિ સાવાનીની નિમણૂંક કરી છે. રવિ સાવાનીને શક્ય તેટલી વહેલી તકે અહેવાલ આપવામાં કહેવામાં આવ્યું છે. શ્રીનિવાસને કહ્યું હતું કે, આઈપીએલ શરૂ થવાની પહેલાં જ બોર્ડે ફિક્સિંગ અંગે તમામ ટીમોને સાવધાન રહેવા કહ્યું હતું. બોર્ડ હવે ખેલાડીઓની ગતિવીધી પર પણ નજર રાખશે. શ્રીનિવાસને કહ્યું હતું કે, તપાસમાં દિલ્હી પોલીસની પૂરતી મદદ કરવામાં આવશે. બીસીસીઆઈ આરટીઆઈની હદમાં આવી શકે નહીં. હવે દરેક ટીમની સાથે બીસીસીઆઈના એક અધિકારીને રાખવામાં આવશે

તેમણે રાજસ્થાન રોયલ્સના માલિકો અને મેનેજમેન્ટને પણ આમંત્રણ આપ્યું હતું. આ બનાવ અંગે કારોબારી સમિતિને માહિતી આપવામાં આવી હતી. શ્રીનિવાસને કહ્યું હતું કે, રાજસ્થાન રોયલ્સ ત્રણ ક્રિકેટરો સામે ફોજદારી ફરિયાદ દાખલ કરશે. જ્યાં સુધી ગુનો પુરવાર ન થાય ત્યાં સુધી દરેક વ્યક્તિ નિર્દોષ છે. પરંતુ બીસીસીઆઈ કોઈને પણ છુપાવશે નહીં. તટસ્થ કાર્યવાહી કરવામાં આવશે. દિલ્હી પોલીસે શ્રીસંત અને રાજસ્થાન રોયલ્સના અન્ય બે ખેલાડી અજીત ચંડીલા અને અંકિત ચૌહાણની ધરપકડ કર્યા બાદથી આઈપીએલને કલંક લાગ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, ખેલાડીઓના એજન્ટો હવે બોર્ડ દ્વારા એક્રીડેટેડ રહેશે. શ્રીનિવાસને એમપણ કહ્યું હતું કે, બોર્ડ બુકીઓને અંકુશમાં લેવા સંશાધનો ધરાવતું નથી. પરંતુ ક્રિકેટરો ઉપર અંકુશ રાખી શકાય છે અને નજર પણ રાખી શકાય છે. આઈપીએલના ગવર્નર કાઉન્સિલના સભ્ય રવિશાસ્ત્રી અને બીસીસીઆઈ ટેકનીકલ કમિટીના વડા અનિલ કુંબલેએ પણ આ બેઠકમાં હાજરી આપી હતી.

### બોર્ડ બેઠકની સાથે-સાથે

- ચેન્નઈમાં બોર્ડની કારોબારી કમિટીની બેઠક યોજાઈ
- બેઠકમાં તમામ સંબંધિતોને હાજર રાખવામાં આવ્યા
- બેઠક બાદ પત્રકાર પરિષદ પણ યોજવામાં આવી
- રાજસ્થાન રોયલ્સનું પ્રતિનિધિત્વ મનોજ બદાલે દ્વારા કરાયું
- આઈપીએલ ગવર્નીંગ કાઉન્સિલના સભ્યે રવિ શાસ્ત્રી પણ ઉપસ્થિત રહ્યા અને બીસીસીઆઈના ટેકનીકલ કમિટિના વડા અનિલ કુંબલેએ મિટીંગમાં વીડિયો કોન્ફ્રન્સ દ્વારા હાજરી આપી
- રાજસ્થાન રોયલ્સ ત્રણ ક્રિકેટરો સામે ફોજદારી અપીલ કરે તેવી શક્યતા
- આઈપીએલમાં ફિક્સિંગને લઈને લલિત મોદીનો મુદ્દો પણ ચમક્યો

# શ્રીસંતનો એક એમએમએસ બનાવવાનો પ્રયાસ થયો હતો

નવી દિલ્હી,તા. ૧૯

રાજસ્થાન રોયલ્સના ઝડપી બોલર શ્રીસંતને વધુ સંકંજામાં લેવા માટે પણ બુકીઓએ યોજના બનાવી હતી. શ્રીસંતે પોલીસને એમ કહ્યું હોવાનું પણ જાણવા મળ્યું છે કે ધરપકડ કરવામાં આવેલા બુકી જીજુ જનાર્દન ઉર્ફે બીજુએ મુંબઈની હોટલમાં તેનો એમએમએસ બનાવવાનો પ્રયાસ કર્યો હતો. કેટલાક બુકીઓ કોલગર્લ અને અન્ય યુવતીઓ સાથે ખેલાડીઓની બ્લુ ફિલ્મો અને સેક્સ ટેપ બનાવવા ઈચ્છતા હતા તેવા અહેવાલ એક અગ્રણી અખબારે આપ્યા બાદ શ્રીસંતે પણ પૂછપરછ દરમિયાન આ અંગેની કબૂલાત કરી હોવાનું જાણવા મળ્યું છે. એવું પણ જાણવા મળ્યું છે કે ખેલાડીઓના એમએમએસ બનાવવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. અગાઉ કેરળ તરફથી રમી ચૂકેલા જીજુએ શ્રીસંત અને બુકી



વચ્ચે સાંઠગાઠ કરાવી હતી. શ્રીસંત માટે એક યુવતીની વ્યવસ્થા કરવા માટે જીજુએ ૧૦ લાખ રૂપિયા મેળવ્યા હતા. બુકીઓ પૈકીના એક ચંદ્રેશ પટેલે કહ્યું છે કે દુબઈ તરફથી આ પ્રકારના આદેશો મળ્યા બાદ આવી યોજના ઘડી કાઢવામાં આવી હતી. ટેપ બનાવવામાં આવી હતી કે કેમ તે અંગે પૂછવામાં આવતા પટેલે કહ્યું હતું કે આ પ્લાનના અમલી બનાવી શકાયો ન હતો. સૂત્રોએ દાવો કર્યો છે કે પોલીસ પાસે એમ માનવા માટેના પૂરતા કારણો છે કે ચંડીલા અને ચૌહાણ સહિત ત્રણે ક્રિકેટરોની ફિલ્મો કદાચ બનાવી લેવામાં આવી છે. તેઓ હવે ચંડીલાને દુબઈ તરફથી મળેલી ધમકી ભર્યા કોલમાં તપાસ કરી રહ્યા છે. આ ટેપ સાથે તેના કોઈ સંબંધ છે કે કેમ તેને લઈને પણ તપાસ હાથ ધરવામાં આવી છે. શ્રીસંત ટીમ હોટલથી મુંબઈમાં ફાઈવ સ્ટારમાં પણ પહોંચ્યો હતો. દાવાની ચકાસણી કરવા ફોટાઓમાં ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

પોલીસ આઈપેડમાં ડેટાની પણ ચકાસણી કરશે. ગઈકાલે અને શુક્રવારના દિવસે મુંબઈ પોલીસ દ્વારા કબજે કરવામાં આવેલા શ્રીસંતના લેપટોપની હાર્ડડીક્સમાં પણ તપાસ કરવામાં આવી ચૂકી છે. આ કૌભાંડમાં મહિલાઓની ભૂમિકા અંગે વાત કરતા પોલીસનું કહેવું છે કે તેમની ભૂમિકા માત્ર ખેલાડીઓને સંકંજામાં લેવા સુધીની ન હતી બલ્કે તેમની સાથે ફિલ્મો બનાવવાની પણ હતી. ધરપકડ કરવામાં આવેલા બુકીના લીડર તરીકે રહેલા ચંદ્રેશ પટેલે એવી કબૂલાત કરી છે કે ચંડીલા અને શ્રીસંત માટે જે યુવતીઓની ગોઠવણ કરવામાં આવી હતી તે છેલ્લા એક વર્ષમાં પાંચછી છ વખત બંને પાસે પહોંચી હતી. ખેલાડીઓને પ્રભાવિત કરવાના હેતુસર આ યુવતીઓ રોકવામાં આવી હતી. ટાર્ગેટ કરવામાં આવેલા ખેલાડીની નજીકના રૂમમાં તેમને ગોઠવવામાં આવી હતી. મેચો બાદ આઈપીએલની પાર્ટીઓ પણ યોજાતી હતી. મેચો બાદની પાર્ટી બાદ બુકીઓ ખેલાડીઓ માટે વિશેષ વ્યવસ્થા ગોઠવતા હતા.

**બુકીઓ દ્વારા જ સમગ્ર જાળ ફેલાવવામાં આવી હતી બુકીના લીડર ચંદ્રેશ પટેલની ઘણી ચોંકાવનારી કબૂલાત**

# વડાપ્રધાન આગામી ૨૨મીએ યુપીએ-૨ના રિપોર્ટ કાર્ડને રજૂ કરશે

## હાલમાં મેળવેલી સિદ્ધીઓનો ઉલ્લેખ કરાશે : યુપીએ-૨ની ચોથી વર્ષગાંઠના પ્રસંગે ડિનર પાર્ટીમાં રિપોર્ટ કાર્ડ જારી થશે : કોંભાંડાથી ખરડાયેલી પ્રતિષ્ઠાને સુધારાશે

નવી દિલ્હી,તા. ૧૯

વડાપ્રધાન મનમોહનસિંહના નેતૃત્વમાં યુપીએ સરકારની પ્રતિષ્ઠા અનેક પ્રકારના ભ્રષ્ટાચારના કારણે ખરડાઇ ગઇ છે ત્યારે સરકારની પ્રતિષ્ઠાને સુધારવાના પ્રયાસરૂપે મનમોહનસિંહ ૨૨મી મેના દિવસે યુપીએ-૨ના છેલ્લા રીપોર્ટ કાર્ડને રજૂ કરવાની તૈયારીમાં છે. આ રીપોર્ટ કાર્ડમાં હાલમાં મેળવેલી સિદ્ધીઓનો ઉલ્લેખ કરવામાં આવશે. રિપોર્ટ કાર્ડમાં રીટેલમાં એફડીઆઈ અને ડાઈરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર સ્કીમનો ઉલ્લેખ કરવામાં આવે તેવી પુરી શક્યતા છે. લોકસભાની ચૂંટણી આડે હવે વધારે દિવસો રહ્યા નથી ત્યારે કોંગ્રેસના હતાશ થયેલા કાર્યકરોમાં નવો ઉત્સાહ જગાવવાના હેતુસર આ રિપોર્ટ કાર્ડ જારી કરવામાં આવનાર છે. કેબિનેટ પ્રધાન પવન કુમાર બંસલ, અશ્વિની કુમારની હકાલપટ્ટીના કારણે તેમજ અનેક કોંભાંડોના કારણે પ્રતિષ્ઠા સ્વચ્છ કરવાની બાબત સરળ નથી છતાં સરકાર આવા પ્રયાસો કરવાના પ્રયાસમાં છે.

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને યુપીએ ઘટક પક્ષોના નેતાઓ ડિનરમાં હાજર રહેશે. જે દરમિયાન વડાપ્રધાન સિંહ યુપીએ-૨ની ચોથી વર્ષગાંઠના પ્રસંગે રિપોર્ટ કાર્ડ જારી કરશે. ગાંધી વડાપ્રધાનને મજબુત ટેકાની ખાતરી આપશે. હાલમાં તેમની વચ્ચે તીવ્ર મતભેદોના અહેવાલ આવ્યા હતા. જો કે પાર્ટીએ આવા અહેવાલોને રદિયો આપ્યો હતો. વડાપ્રધાન આ પ્રસંગે કેટલીક નવી યોજનાની પણ જાહેરાત કરી શકે છે જે પૈકી નેશનલ ફુડ સિક્યુરિટી બિલ અને જમીન અધિગ્રહણ બિલનો સમાવેશ થાય છે. આગામી લોકસભાની ચૂંટણીમાં મતદારોને તેમની તરફ આકર્ષિત કરવાના પ્રયાસરૂપે આ બિલ અંગે જાહેરાત કરવામાં આવી શકે છે.

# ટેલીકોમ કંપનીઓ ઉંચા કોલરેટ જાળવે તેવી વકી

નવી દિલ્હી,તા. ૧૯

ટેલીકોમ કંપનીઓ વચ્ચે હવે સ્પર્ધામાં ટકી રહેવા માટે પણ તીવ્ર સ્પર્ધા ચાલી રહી છે. ભારતીય મોબાઈલ ટેલીકોમ કંપનીઓ લાંબા સમય સુધી ઓછા કોલરેટની સ્થિતિમાં ટકી શકે તેમ નથી. જેથી ટેલીકોમ કંપનીઓ અસ્તિત્વને ટકાવી રાખવા ઉંચા કોલરેટ પર વિચારણા કરી રહી છે. કિંમતો ઘટાડવા અને લાંબા સમય સુધી ગ્રાહકોને ઓછા કોલરેટ આપી શકવાની સ્થિતિમાં નથી. પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા અને સાથે-સાથે મજબુત સ્થિતિ મેળવવા ભારતમાં ટેલીકોમ કંપનીઓ ધીમી ગતિએ કોલરેટમાં વધારો કરી રહી છે. સાથે-સાથે પ્રમોશનલ ઓફરો સાથે દૂર થઈ રહી છે. ટુજી કૌભાંડ સપાટી પર આવ્યા બાદ ઘણી કંપનીઓના લાયસન્સ રદ કરવામાં આવી ચુક્યા છે. જેથી ઘણી ટેલીકોમ કંપનીઓ બજારમાંથી બહાર થઈ ચુકી છે. આવી સ્થિતિમાં કંપનીઓ વચ્ચેની સ્પર્ધા વધી ગઈ છે. હવે ટેલીકોમ કંપનીઓ યુઝેસ પર વધારે ધ્યાન કેન્દ્રીત કરી રહી છે. ગ્રાહકોની સંખ્યા પર ધ્યાન આપી રહી નથી.

# આરબીઆઈ વ્યાજદરમાં ઘટાડો કરવા સુસજ્જ

## ૧૭મી જુનના દિવસની બેઠક પર નજર કેન્દ્રિત : ફુગાવામાં હાલમાં થયેલા ઘટાડા અને અર્થતંત્રમાં મંદીના કારણે રીઝર્વ બેંક વ્યાજ દર ઘટાડે તેવી નિષ્ણાંતોને આશા

નવી દિલ્હી,તા. ૧૯

ફુગાવામાં સતત જારી ઘટાડાના દોર અને અર્થતંત્રમાં મંદીના કારણે રીઝર્વ બેંક વ્યાજદરમાં ઘટાડો કરે તેવી શક્યતા છે. મોટા ભાગના બેન્કરો માને છે કે ૧૭મી જુનના દિવસે યોજાનારી તેની નાણાંકીય નિતી સમીક્ષાની બેઠકમાં આરબીઆઈ વ્યાજદરમાં ઘટાડો કરી શકે છે. વ્યાજદરમાં ઘટાડો કરવા માટે હાલ બેંક પાસે પુરતા કારણો છે. વૈશ્વિક મોટી રોકાણ બેંકોના નિષ્ણાંતો માને છે કે વિકાસની પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે આરબીઆઈ વ્યાજ દરમાં ઘટાડો કરી શકે છે. હેડલાઈન હોલસેલ ફુગાવો એપ્રિલમાં ઘટીને ૪૧ મહિનાની નીચી સપાટી પર પહોંચી ગયો હતો. રિસર્ચ નોટમાં બાર્કેલે દ્વારા જણાવવામાં આવ્યું છે કે અમે માનીએ છે કે ડબલ્યુપીઆઈ ફુગાવો ઘટી જતા આરબીઆઈને રાહત થઈ છે. જેથી તે વ્યાજદરમાં ઘટાડો કરી શકે છે. સમગ્ર શેરબજાર અને અન્ય કારોબારીઓ તેમજ રોકાણકારોની નજર હાલમાં વ્યાજદર પર કેન્દ્રિત થઈ છે. બાર્કેલે માને છે કે રેપો રેટને ગટીને સાત ટકા કરી દેવામાં આવશે. તેમાં ૨૬ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવશે. આરબીઆઈની તેની મધ્ય ત્રિમાસિક નાણાંકીય નિતી સમીક્ષાની બેઠખ ૧૭મી જુનના દિવસે યોજાનાર છે. એચએસબીસી પણ માને છે કે ફુગાવાનુ ચિત્ર હળવુ થયા બાદ આરબીઆઈ વ્યાજદરમાં ઘટાડો કરી શકે છે. જો કે કેટલાક નિષ્ણાંતો હાલના તબક્કામાં કોઈ ટિપ્પણી કરવા ઈચ્છુક નથી. તેમનુ કહેવુ છે કે હાલમાં નિતી અંગે વાત કરવી ખુબ વહેલી તકે હશે. કારણ કે પોલીસી સમીક્ષા આડે ઘણા દિવસો બાકી છે. જેથી સ્થિતીમાં ફેરફાર થઈ શકે છે. બીજી બાજુ આરબીઆઈ વિકાસની પ્રક્રિયાને ઝડપી બનાવવા તેની નિતી સમીક્ષાની ગણતરીમાં વ્યસ્ત છે. અનેક વખત વ્યાજદરમાં ઘટાડાના સંકેત મણી ચુક્યા છે.

# ઈન્ફોસીસને ૫૮૨ કરોડની મળેલી ઈન્કમટેક્સ નોટિસ

## નવી નોટિસને કાયદાકીય રીતે પડકાર ફેંકવાની બેંગલોર સ્થિત સોફ્ટવેર સર્વિસ કંપની ઈન્ફોસીસ દ્વારા જાહેરાત

નવી દિલ્હી,તા. ૧૯

દેશની અગ્રણી આઈટી કંપની ઈન્ફોસીસને આવકવેરા વિભાગ પાસેથી નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ માટે ૫૮૨ કરોડ રૂપિયાની ઈન્કમટેક્સ નોટિસ મળી છે. જેથી દેશની બીજી સૌથી મોટી આઈટી કંપનીની તકલીફ વધી ગઈ છે.

આવકવેરા વિભાગે બેંગલોરની આ સોફ્ટવેર સર્વિસ નિકાસ કંપનીને ૨૦૦૫થી ચાર નાણાકીય વર્ષ માટે ૨૧.૪ કરોડ ડોલર અથવા તો ૧૧.૭૫ કરોડ રૂપિયાની વધારાની આવકવેરા સંબંધિત ચુકવણી કરવા માટે નોટિસ પહેલા પણ મોકલેલી છે. કંપનીએ અગાઉની નોટિસની સામે અપીલ કરેલી છે. ઈન્ફોસીસે કહ્યું છે કે, તે નવી નોટિસને પણ કાયદાકીય રીતે પડકાર ફેંકશે.

ઈન્ફોસીસે અમેરિકી એસઈસીને આ સપ્તાહમાં જ મોકલેલી સૂચનામાં કહ્યું છે કે, કંપનીને આવકવેરા વિભાગ પાસેથી વર્ષ ૨૦૦૮-૦૯ મારફતે નવા મુલ્યાંકન સંબંધિત આદેશો મળ્યા છે. જેમાં કરવેરાના સંબંધમાં ૧૦.૬ કરોડ ડોલરની માંગ કરવામાં આવી છે. ઈન્ફોસીસનું કહેવું છે કે, કંપની અગાઉના વર્ષો માટે પહેલાથી જ લડાઈ લડી રહી છે અને આ નવા નોટિસ પર પણ કાયદાકીય કાર્યવાહી કરશે.

### રસ્તે રઝળતી વારતા (પાના નં. ચોથાનું અનુસંધાન)

ભૂખ્યા આખો દિવસ માને કનડ્યાં કરતાં હતા. અમે 'બ્રેડ... બ્રેડ...'ની બૂમો મારી મારીને થાકી જતાં પણ 'મા' બ્રેડ લાવી શકે તેટલા પૈસા ન હતા. અમને ભૂખનું દુઃખ ભૂલાવી દેવા માટે તે અમારૂં ધ્યાન ડાયવર્ટ કરવા પ્રયત્નો કરતી. રોડ ઉપરની કોઇ વીઆઇપીને પસાર થતો જોઇએ ઊભી થઇ જતી અને અમને કહેતી કે જો પેલો માણસ કેવી રીચે ચાલે છે? એ હું તમને દેખાડું છું. એમ કરીને તે આવતાં જતાં માણસોની એક્શનો દેખાડીને અમારૂં મન ભૂખથી હટાવીને બીજે વાળવા પ્રયત્નો કરતી. એ રંગભૂમિની કલાકાર હતી. 'એક્ટ્રેસ' તરીકે કામ કરતી! પણ ક્યારેક જ કામ મળતું. અમારા દિવસો ભૂખમાં વધારે પસાર થતાં. દિવસોનાં દિવસો અમે ત્રણેય ભૂખ્યાં પડ્યાં રહેતાં. એકવાર માની માને સ્ટેજ કાર્યક્રમ માટે બોલાવી. તેણે જુદી - જુદી વ્યક્તિઓની એક્શન કરવાની હતી. પ્રેક્ષકોને ખુશ કરવાના હતા. એ વખતે એક સપ્તાહથી અમે ભૂખ્યા હતા. સ્ટેજ ઉપર જેવો અભિનય શરૂ થયો કે તરત જ તેને ચક્કર આવવા લાગ્યા. તે બેભાન થઇને ઢળી પડી. ઘણી ભૂખનાં કારણે તે બેભાન તો થઇ ગઇ પણ સાથોસાથ પાગલ પણ થઇ ગઇ. સ્ટેડિયમ આખું દર્શકોથી ભરેલું હતું. કાર્યક્રમની ટિકીટો વહેંચાઇ ગઇ હતી અને હવે 'મા' કાર્યક્રમ આપી શકે તેમ ન હતી. તે વેળા એ ભીડમાં ખૂણે ઊભેલો આ ચાર્લી સ્ટેજ ઉપર આવી ઊભો અને કાર્યક્રમ આગળ ચલાવ્યો. તાળીઓ પર તાળીઓ બજવા લાગી. શો પૂરો થતાં આખું સ્ટેજ રૂપિયાની નોટોથી ભરાઇ ગયું. અને ત્યારથી જગત આખામાં ચાર્લી ચેપ્લીન નામ દોડવા લાગ્યું. આજે રૂપિયાની ખોટ નથી. અઢળક સંપત્તિ છે. સુખની કોઇ જ સીમા નથી, તોય મને લેશમાત્ર આનંદ નથી કારણ કે બધુંય હોવા છતાંયે મારી 'મા' નથી...!

અમને મોટા કરવામાં એણે ભૂખ્યાં પેટે આખી જિંદગી કેવી ખર્ચી નાખેલી. આજે સુખના અપરંપાર વચ્ચે મને સતત 'બ્રેડ... બ્રેડ...' શબ્દો યાદ આવે છે! તે દિવસે મને એક બ્રેડનો ટુકડો મળ્યો હોત તો મારી માની આવી હાલત ન થઇ હોત!

### શબ્દ સમીપે (પાના નં. ચોથાનું અનુસંધાન)

ભવનમાં પ્રોફેસર અને ચારણી સંશોધન કેન્દ્રના અધ્યક્ષ છે. તેમને સને ૨૦૦૩ નો કવિ શ્રી દુલા કાગ લોકસાહિત્ય એવોર્ડ એનાયત થયો છે. ચારણી સાહિત્ય સંશોધન ક્ષેત્રે તેમના મહત્ત્વપૂર્ણ પ્રદાનનો ખ્યાલ આપણને તેમનાં પ્રકાશનો પરથી આવે છે. જેમ કે ચારણી - સાહિત્ય વિમર્શ, સાંયાજી ઝાલા કૃત રૂકિમણિ હરળ, કાગ આઇ માહાત્મ્ય, ચારણ સર્જક પરિચય, ચારણી સાહિત્ય સર્જન અને ભાવન, ચારણી સાહિત્ય વારસો અને વૈભવ, અવગાહન, સંશક્ષક, અસ્મિતા અને અનુસંધાન, સાહિત્યને સીમાડેથી શબ્દોપાસના, સ્વર્ગ ભૂલાવું શામળા - આ ઉપરાંત ચાર જેટલાં તેમના પ્રકાશનો હિન્દીમાં પણ થયા છે. એ રીતે તેમના આ સંપાદીય કાર્યનું મહત્ત્વ વિશિષ્ટ બની જાય છે અને તેનું ખાસ મહત્ત્વ છે.

આવું સુંદર માહિતપ્રદ, દસ્તાવેજી ગ્રંથ સમાન પ્રકાશન કરવા બદલ ભાષા નિયામક કચેરી તેમજ સંપાદકો ધન્યવાદને પાત્ર છે.

**રાજભાષા ગુજરાતી**
**ચારણી સાહિત્ય વિશેષાંક**
**સંપાદક : શ્રીમતી હંસા. એમ. ગઢવી**
**સહસંપાદક : ડો. અંબાદાનજી રોહડિયા**
**પ્રકાશક : ભાષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય ગાંધીનગર**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૧૨**
**કિંમત : અમૂલ્ય.**

### સમાચાર ઝલક

- બીસીસીઆઇની મેચ ફિક્સીંગ મામલે મહત્ત્વપૂર્વ બેઠક ! ઘોડા નાસી ગયા પછી તબેલાનાં ટાળું મારવા જેવી વાત...
- ચીનના વડાપ્રધાનના ભારત પ્રવાસ દરમિયાન સખત વિરોધ દેખાવો.
- મોબાઇલ ચોરનારને પાંચ વર્ષની સજા ફટકારતી કોર્ટ.
- અમદાવાદમાં ત્રણ બનાવટી પોલીસ ઝડપાયા, સાથે મહિલા પર હતી.
- મેચ ફિક્સીંગ એટલે... બ્લ્યુ ફિલ્મ, બ્લેક નાણાં અને કોલગર્લ.
- દેશભરમાં સટ્ટા બુકીઓ ઉપર દરોડા, ભારે ઘોંસ, ગામડાઓમાં પણ દરોડા.
- ઉત્તરપ્રદેશ પૂર્વ ડીજીપી સહિત ૪૨ સામે કેસ દાખલ.
- અમદાવાદમાં અખાદ્ય પકવેલી કેરીનો મોટા પાયે નાશ.
- અમદાવાદમાં આજે પણ ૪૪ ડિગ્રી આંબતો ગરમીનો પારો, કાળઝાર ગરમીથી લોકો પરેશાન.
- સીંગતેલનાં ભાવમાં ૪ દિવસમાં ડબ્બે રૂપિયા ૫૫નો ઘટાડો.
- ગુજરાતમાં પેટાચૂંટણીમાં ગરમાવો, પ્રચાર જોર પકડે છે, પેટાચૂંટણીમાં ૩૩ ઉમેદવારો મેદાનમાં રહ્યાં.
- વીજકંપનીની પરીક્ષાનીતિથી પરીક્ષાનો બહિષ્કાર.
- સટ્ટાકાંડમાં દાઉદનો પરોક્ષ હાથ હોવાથી શક્યતા.
- હવાઇ ઉડ્ડયન પ્રધાન અજિતસિંહની સભામાં ધમાલ.
- અમદાવાદમાં પોલીસ અને બુકીઓ વચ્ચે મીલીભગત, પ્રજામાં રોષની લાગણી.
- દવાઓનાં ભાવ પર નિયંત્રણ લવાશે.